રાજ્યનાં કાયમી ધોરણે બંધ થયેલ
વીજ જોડાણવાળા ગ્રાહકો/બીન
ગ્રાહકોના બાકી લ્હેણાની વસુલાત
માટેની **"માફી યોજના-૨૦૧૭"**

**ગુજરાત સરકાર**
**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**
**ઠરાવ ક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૧૭૦-કા**
**સચિવાલય, ગાંધીનગર**
**તારીખ:** - 9 MAY 2018

વંચાણે લીધા:

(૧) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૧૭૦-કા, તા. ૧૨/૧૦/૨૦૧૭

(૨) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૧૭૦-કા, તા. ૧૮/૧૦/૨૦૧૭

(૩) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૧૭૦-કા, તા. ૨૫/૦૪/૨૦૧૮

**ઠરાવ:**

રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલ નિર્ણય અનુસાર રાજ્યના કાયમી ધોરણે બંધ થયેલ વીજ જોડાણવાળા ગ્રાહકો/બીન ગ્રાહકોના બાકી લ્હેણાની વસુલાત માટેની **"માફી યોજના-૨૦૧૭"** અમલમાં મૂકવામાં આવેલ છે. સદર યોજનાના અમલીકરણ અને લાભાર્થીઓ માટેના માપદંડો/ધારાધોરણો/શરતો આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક:૧ સામેના ઠરાવથી નિયત કરવામાં આવેલ. આ ઠરાવના શરત ક્રમાંક: ૬ અને ૭ માં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી.

આથી, ઠરાવવામાં આવે છે કે ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક: ૧ સામેના આ વિભાગના ઠરાવની શરત ક્રમાંક: ૬ અને ૭ નીચે મુજબ રહેશે.

**શરત ક:૬:** ઘર વપરાશના વીજ ગ્રાહકો તથા બીન ગ્રાહકો (બી.પી.એલ. અને નોન બી.પી.એલ.) તેમજ ખેતીવાડી વીજ ગ્રાહકો તથા બીન ગ્રાહકો, તેમના બાકી વીજ બીલની મુળ રકમના ૫૦ ટકા રકમ તા. ૨૫/૦૪/૨૦૧૮ થી ત્રણ માસની અંદર પૂરેપૂરી ભરશે તો તેઓ પાસેથી લ્હેણી થતી વ્યાજની પૂરેપૂરી રકમ અને મૂળ રકમના ૫૦ ટકા રકમની માફી મળવાપાત્ર થશે.

**શરત ક:૭ :** શરત ક:૬ માં દર્શાવ્યા સિવાયના તમામ વીજ ગ્રાહકો એટલે કે વાણિજ્યિક, ઔદ્યોગિક અને વોટર વર્ક્સના વીજ ગ્રાહકો તથા ઘર વપરાશ અને ખેતીવાડીના બીન ગ્રાહકો સિવાયના તમામ કક્ષાના બીન ગ્રાહકો, તેમની બાકી વીજ બીલની મૂળ રકમ તા. ૨૫/૦૪/૨૦૧૮ થી ત્રણ માસની અંદર પૂરેપૂરી ભરશે તો જ તેમની પાસેથી લ્હેણી થતી વ્યાજની પૂરેપૂરી રકમની માફી મળવાપાત્ર થશે.

સદર યોજનાના અન્ય માપદંડો/ધારાધોરણો/શરતો વંચાણે લીધેલ ક્રમાંક:૧, ૨ તથા ૩ સામેના ઠરાવો મુજબ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

(એચ. સી. પટેલ)
સરકારના નાયબસચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અંગતસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. ઉર્જામંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. ઉર્જામંત્રીશ્રી (રાજ્યકક્ષા) ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
- ચેરમેનશ્રીના અંગતસચિવશ્રી, નામ. ગુજરાત વીજ નિયમન પંચ, ગીફ્ટ સીટી, ગાંધીનગર
- મુખ્યસચિવશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સૂરત
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા
- નાણા સલાહકારશ્રી (ઉર્જા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય વિદ્યુત નિરિક્ષક અને વિદ્યુત શુલ્ક સમાહર્તાશ્રી, ઉદ્યોગ ભવન ગાંધીનગર
- વિભાગની સર્વે શાખા
- પસંદગી ફાઇલ/ના.સે.અધિ. અંગત ફાઇલ